# મહેસાણા જિલ્લા માધ્યમિક શાળા સંઘ

પ્રશ્નપત્ર-1

ધોરણ : 10 (વર્ષ : 2019-20)

સમય: 3:00 કલાક | વિષય : ગુજરાતી (GUJ) | કુલ ગુણ - 80

સૂચનાઓ: (1) આ પ્રશ્નપત્રમાં ચાર વિભાગો A, B, C, અને D છે. બધા જ પ્રશ્નો ફરજીયાત છે.
(2) દરેક વિભાગના 20 ગુણ છે.વિકલ્પો આંતરિક છે.

## વિભાગ-A

**(અ) નીચેના જોડકાં યોગ્ય રીતે જોડીને ફરીથી લખો.** **[04]**

| ગદ્ય કૃતિ | પાત્ર |
|---|---|
| (૧) ઘોડીની સ્વામી ભક્તિ | (અ) સુંદરજી શેઠ |
| (૨) ભૂલી ગયા પછી | (બ) બબલી |
| (૩) ભૂખથીય ભૂંડી ભીખ | (ક) વિનુ કાકા |
| (૪) ગતિભંગ | (ડ) આંબા પટેલ |
| | (ઈ) મનીષા |

**(બ) નીચે આપેલા પ્રશ્નોના એક વાકયમાં ઉત્તર લખો.** **[02]**

1. પોતાના કુંવરને કાંટો ન વાગે એ માટે રાજાએ શું કર્યુ ?
2. હિમાલયના પ્રવાસમાં લેખકની સાથે કોણ-કોણ હતું ?

**(ક) નીચે આપેલા પ્રશ્નોના ત્રણ-ચાર વાકયોમાં ઉત્તર લખો.** **[06]**

1. આંબા પટેલને મણાર શા માટે જવું પડયું ?
2. દર વર્ષે જીવલો લેખકના ઘરે કઈ-કઈ વસ્તુઓ આપવા જતો?
3. શ્રીમદ્‌ની જીવદયા અને કરુણા કયા પ્રસંગમાંથી પ્રગટ થાય છે ? **અથવા**
   અંકિતને પરીક્ષામાં ઉતીર્ણ થવાની ખુશીમાં કયાં પુસ્તકો ભેટમાં મળ્યા હતાં?

**(ડ) નીચે આપેલા પ્રશ્નોના દસ-બાર વાકયોમાં ઉત્તર લખો.** **[08]**

1. 'વાઈરલ ઈન્ફેકશન' પાઠને આધારે લેખકે સૂચવેલા સામાજિક જાગૃતિનાં પગલાં લખો.
2. 'જન્મોત્સવ' પાઠને આધારે નવજાત બાળકની કરુણતા તમારા શબ્દોમાં આલેખો.

   **અથવા**

   'ભૂખથીય ભૂંડી ભીખ' વાર્તાના આધારે દુકાળની ભયાનકતા તમારા શબ્દોમાં લખો.

## વિભાગ-B

**(અ) નીચેના જોડકાં યોગ્ય રીતે જોડીને ફરીથી લખો.** **[04]**

| પદ્ય કૃતિ | કર્તા |
|---|---|
| (1) વૈષ્ણવજન | (અ) રાવજી પટેલ |
| (2) એક બપોરે | (બ) ગંગા સતી |
| (3) દિવસો જુદાઈના જાય છે | (ક) હરીન્દ્ર દવે |
| (4) માધવને દીઠો છે કયાંય | (ડ) નરસિંહ મહેતા |
| | (ઈ) ગની દહીંવાલા |

(બ) નીચે આપેલા પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર લખો. [02]

1. 'સકળ તીરથ તેના તનમાં રે' વાક્યનો અર્થ જણાવો.
2. કવિ સ્નેહનું ઝરણું કોને કહે છે ?

(ક) નીચે આપેલા પ્રશ્નોના ત્રણ-ચાર વાક્યોમાં ઉત્તર લખો. . [06]

1. ગંગાસતી પાનબાઈને કેવી વ્યક્તિની સંગત કરવાનું કહે છે?
2. પક્ષીને પામવા કવિ શું કરવાનું કહે છે ?
3. કવિ ક્યાં સુધી મહુડીની છાંય તળે પડી રહેવા માંગે છે ?

અથવા

'સ્વર્ગની એક-એક દેવીની ઝલકમાં દીકરી
છે સુખડ-ચંદનને કુમકુમનાં તિલકમાં દીકરી'
કાવ્ય પંક્તિનો ભાવાર્થ સ્પષ્ટ કરો.

(ડ) નીચે આપેલા પ્રશ્નોના દસ-બાર વાર્કયોમાં ઉત્તર લખો. [08]

1. સ્વજનો માટેનો કાવ્યનાયિકાનો ભાવ 'ચાંદલિયો' કાવ્યને આધારે વર્ણવો.
2. 'દિવસો જુદાઈના જાય છે ' ગઝલમાં ગનીની મનોસ્થિતિ તમારા શબ્દોમાં વર્ણવો. અથવા
વતનથી વિદાય થતાં કવિની વેદના તમારા શબ્દોમાં વર્ણવો.

## વિભાગ - C

નીચેના પ્રશ્નોના માગ્યા પ્રમાણે ઉત્તરો લખો. (દરેકનો એક ગુણ)
આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરીને જવાબ લખો.

1 નીચેના બે શબ્દોની સાચી જોડણી લખો. [01]
નેસગીક, પરમારથ
(નૈસર્ગિક, નેસગીક, નેસગિક), (પરમાથ, પરમાર્થ, પરર્માથ)

2 'નર+ઈન્દ્ર' શબ્દોની સાચી સંધિ જોડો. [01]
(નારેન્દ્ર, નરેન્દ્ર, નરેન)

3 'પંકજ' શબ્દનો સમાસ ઓળખાવો. [01]
(ઉપપદ સમાસ, કર્મધારય સમાસ, મધ્યમપદલોપી સમાસ)

4 યોગ્ય જોડકું જોડો. [01]

| (અ) | (બ) |
| --- | --- |
| (1) કર્તરિ વાક્ય રચના | (અ) રીંછ દ્વારા હુમલો કરાયો |
| (2) કર્મણિ વાક્ય રચના | (બ) વિરાટ બાબુએ મનિષાને અભિનંદન અપાયાં |
| | (ક) મનીષાથી ગાડીમાંથી નીચે ઉતરાયું |

5 'હૈયું જાણે હિમાલય'અલંકારનો પ્રકાર જણાવો. [01]
(ઉપમા, રૂપક, ઉત્પ્રેક્ષા)

6 'સામાજિક' શબ્દમાં કયો પ્રત્યય રહેલો છે ? [01]
(પૂર્વ પ્રત્યય, પર પ્રત્યય, એકપણ નહિ)

7 નીચેનામાંથી સમાનાર્થી શબ્દ શોધીને લખો. [01]
(1) દરિયો :- સરિતા, સરોવર, મહેરામણ.
(2) ભાસ્કર :- તારા, ચંદ્ર, સૂર્ય

8 'વાઘ' સંજ્ઞાનો આપેલા વિકલ્પોમાંથી સાચો પ્રકાર લખો. [01]
(વ્યક્તિવાચક, જાતિવાચક, દ્રવ્યવાચક)

નીચેના પ્રશ્નોના માગ્યા મુજબ જવાબ લખો.

9 નીચેના રૂઢિપ્રયોગોનો અર્થ આપો. [01]
છાતી ગજગજ ફૂલવી

10 નીચે આપેલી કહેવતનો અર્થ લખો. [01]
દુકાળમાં અધિક માસ

11 નીચેના શબ્દસમૂહ માટે એક શબ્દ લખો. [01]
પાર્વતીની પૂજાનું વ્રત

12 નીચેના શબ્દનો વિરૂદ્ધાર્થી શબ્દ લખો. [01]
નિર્મળ

13 બંને શબ્દના જોડણી ભેદે થતો અર્થભેદ લખો. [01]
દિશ, દીશ

14 નીચેના તળપદા શબ્દનું શિષ્ટરૂપ લખો. [01]
છાક

15 નીચેના વાકયમાંથી વિશેષણ શોધી તેનો પ્રકાર જણાવો. [01]
જેવું વાવશો તેવું લણશો.

16 નીચેનામાંથી ક્રિયાવિશેષણ શોધી તેના પ્રકાર જણાવો. [01]
અમારી છત્રી એમ વરસ-દિવસમાં તૂટી ન જાય.

17 'ગતિભંગ' શબ્દના ધ્વનિ ઘટકો. (સ્વર-વ્યંજન) છૂટા પાડો. [01]

18 નીચેના વાકયની ભાવે વાકય રચના બનાવો. [01]
હું એકલી પડી ગઈ છું.

19 નીચેની પંકિતનો છંદ ઓળખાવો. [01]
વ્હાલી ! જાય રઘુપતિ વન વિષે, સીતા જતાં સંગમાં.

20 'સ્ત્રગ્ધરા' છંદનું બંધારણ જણાવો. [01]

## વિભાગ - D

(અ) નીચે આપેલી પંકિતઓનો આશરે પંદર વાકયોમાં અર્થવિસ્તાર કરો. [04]

ધન જોબનને ઠાકરી, તે ઉપર અવિવેક,
એ ચારે ભેગાં મળે, અનરથ કરે અનેક

**અથવા**

ત્રણ વાનાં મુજને મળ્યાં, હૈયું, મસ્તક ને હાથ,
બહુ દઈ દીધું નાથ! જા, ચોથું નથી માગવું.

(બ) તમારી શાળામાં યોજાયેલ સ્વચ્છતા અભિયાન અંતર્ગત આશરે એકસો શબ્દોમાં અહેવાલ લખો. [04]

(ક) નીચે આપેલા ગદ્યખંડને આશરે ત્રીજા ભાગમાં સંક્ષેપ કરી તેને યોગ્ય શીર્ષક આપો. **[04]**

'વિકલાંગ માણસ જગતને ભારરૂપ છે એવી લાગણી અર્થહીન છે. ભારરૂપ માણસો જોવા જોઈએ તો અસંખ્ય જડશે જે કેવળ પરોપજીવી જ નહિ, સમાજદ્રોહી પણ હોય છે. અપંગ વ્યકિતમાં નિષ્ઠા અને સંકલ્પશકિત હોય અને તેને યોગ્ય દોરવણી મળે તો સતત પુરુષાર્થ વડે તે સમાજની ઉત્તમ સેવા કરી શકે. આપણા ઘણા સામાજિક ગુણો અપંગની સેવા કરવાથી વિકસે છે. માનવતાની, સામાજિક જીવનની આ કેળવણી તત્વત : ધાર્મિક કેળવણી છે. આના સંસ્કાર ધાર્મિક ગ્રંથિઓ અને અન્ય પૂર્વગ્રહોને ઓગાળે છે. માનવતાના અભ્યાસથી આપણે વધારે સારા દેશજન થઈ શકીશું. વધારે સારા હિંદુ કે મુસલમાન થઈ શકીશું બલકે વિશ્વ માનવ કે પરમ પિતાના સારા સંતાન થઈ શકીશું. જે બીજાનાં દુઃખો જોતો નથી, જે બીજાની આરત સાંભળતો નથી, જે સંકટગ્રસ્તોની મદદે દોડી જતો નથી. તે જ અપંગ છે. '

-- વિષ્ણુપ્રસાદ ત્રિવેદી

(ડ) ગમે તે એક વિષય પર આપેલા મુદ્દા આધારિત આશરે 250 શબ્દોમાં નિબંધ લખો. **[08]**

**મારા શૈશવના સંસ્મરણો**

**મુદ્દાઓ:-** પ્રસ્તાવના- બાળપણની ટેવો - બાલમંદિરના સંસ્મરણો - પ્રાથમિક શાળાનાં સંસ્મરણો - રજાઓના સંસ્મરણો -

**અથવા**

**વિજ્ઞાન : વરદાન કે શાપ ? :-**

**મુદ્દાઓ:-** પ્રસ્તાવના - વિજ્ઞાનના લાભ -વિજ્ઞાનના ગેરલાભ - ઉપસંહાર.

**અથવા**

**ભ્રષ્ટાચાર એ જ શિષ્ટાચાર :-**

**મુદ્દાઓ:-** પ્રસ્તાવના- ભ્રષ્ટાચારના ક્ષેત્રો - ભ્રષ્ટાચારીઓ અને તેઓનાં અધમ કૃત્યો - ભ્રષ્ટાચાર આચરવાના કારણો - ભ્રષ્ટાચાર દૂર કરવાના કારણો -ઉપસંહાર.